પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

# -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:**

**ક્રમાંક: વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૨૩/૨૦૨૦**

**વંચાણે લીધા:-**

(૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ નંબર: 40-3/2020-DM-I(A) તા.30/૦૫/૨૦૨૦ ના આધારે.

(૨) ગુજરાત સરકારના હુકમ નં: જીજી/૨૮/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.30/૦૫/૨૦૨૦.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરિટી (એન.ડી.એમ.એ.) ના દિશાનિર્દેશ અનુસાર દેશના તમામ ભાગોમાં **COVID-19** ના ફેલાવાને રોકવા આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, 2005 અંતર્ગત **MHA,** ભારત સરકારના તા.૨૪/03/૨૦૨૦, તા.૧૪/0૪/૨૦૨૦, તા.0૧/૦૫/૨૦૨૦ અને તા.૧૭/૦૫/૨૦૨૦ ના વખતોવખતના આદેશો અનુસાર સમગ્ર દેશમાં તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી લોકડાઉન અમલમાં હતું. અને ગુજરાત સરકારના તા.૧૮/૦૫/૨૦૨૦ ના જાહેરનામાં નં: જીજી/૨૭/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી તા.૩૧/૦૫/૨૦૨૦ ના ૨૪.00 સુધી લંબાવવામાં આવેલ હતુ.

હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ **COVID-19** ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. **ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫** તેમજ **ધી એપેડેમિક ડીસીઝ એક્ટ, ૧૮૯૭** અંતર્ગત સરકારશ્રી દ્વારા સમયાંતરે ઉપરોકત જાહેરનામાઓ બહાર પાડવામાં આવેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં સમગ્ર દેશમાં **COVID-19** રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરિટી (એન.ડી.એમ.એ.) ના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I(A) તા.30/૦૫/૨૦૨૦ ના પત્રથી સમગ્ર દેશમાં લોકડાઉનની અવધિ તા.૦૧/૦૬/૨૦૨૦ થી તા.30/૦૬/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.30/૦૫/૨૦૨૦ ના હુકમ સાથેની **Guidelines for Phased Re-Opening (Unlock-1)** તથા ગુજરાત સરકાર ગૃહ વિભાગ દ્વારા હુકમ નં: જીજી/૨૮/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.30/૦૫/૨૦૨૦ થી લોકડાઉન સંદર્ભે દિશા નિર્દેશ આપેલ છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.30/૦૫/૨૦૨૦ ના હુકમ અનુસાર સમગ્ર રાજયમાં જાહેર કરવામાં આવેલ કન્ટેનમેન્ટ ઝોનમાં તા.૦૧/૦૬/૨૦૨૦ ના 00/00 કલાક થી તા.30/૦૬/૨૦૨૦ ના ૨૪/00 કલાક સુધી Lock down ની અવધિ લંબાવવામાં આવે છે. તથા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં પ્રતિબંધિત પ્રવૃતિઓ તબક્કાવાર ખોલવાનો નિર્ણય લેવામાં આવે છે.

અમદાવાદ શહેરમાં નોવેલ કોરોના વાયરસ **COVID-19** ના પોઝીટીવ કેસોમાં ખુબ મોટા પ્રમાણમાં વધારો નોંધાયેલ છે.અને **COVID-19** ના સંક્રમણની ગંભીર પરિસ્થિતીને ધ્યાને લેતાં લોકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા હેતુસર તકેદારીના પગલાં રૂપે તથા અમદાવાદ શહેરની ભૌગોલિક પરિસ્થીતિને લક્ષમાં રાખીને, કેટલીક ગતિવિધીઓ ઉપર પ્રતિબંધ ફરમાવવાની જરૂર જણાય છે.

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર

Scanned with CamScanner

વાસ્તે, હું આશીષ ભાટિયા,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર,ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ **ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ તા.૦૧/૦૬/૨૦૨૦ ના કલાક ૦૦/૦૦ વાગ્યાથી તા.30/૦૬/૨૦૨૦ ના કલાક ૨૪/૦૦** વાગ્યા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે મુજબ હુકમ કરૂ છું:

**-:હુકમ:-**

1. અમદાવાદ શહેર ખાતે રાત્રીના કલાક ૦૯/૦૦ થી સવારના કલાક ૦૫/૦૦ વાગ્યા સુધી કરફ્યુ રહેશે.
2. અમદાવાદ શહેર ખાતે આવેલ કન્ટેનમેન્ટ/માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં ફક્ત આવશ્યક સેવાઓ સવારના કલાક ૦૭/૦૦ થી સાંજના કલાક ૦૭/૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે.
3. અન્ય તમામ આર્થિક પ્રવૃત્તિઓને (નીચે દર્શાવેલ નકારાત્મક સૂચિ સિવાય) છુટ આપવામાં આવે છે. કન્ટેનમેન્ટ/માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માત્ર સવારના કલાક ૦૮/૦૦ થી સાંજના કલાક ૦૭/૦૦ સુધી (મ્યુનિસિપલ વિસ્તારો માટે) અને સાંજના કલાક ૦૮/૦૦ સુધી (મ્યુનિસિપલ વિસ્તારોની બહારના વિસ્તારો માટે) (સતત પ્રક્રિયા ચાલતી હોય તેવા ઉદ્યોગો સિવાય).
4. ગુજરાત સરકાર દ્વારા તમામ જીલ્લાઓ માટે માઈક્રો કન્ટેનમેન્ટ વિસ્તારોની જાહેરાત કરવામાં આવશે. માઈક્રો કન્ટેનમેન્ટ વિસ્તારોની યાદી પ્રકૃતીમાં ગતિશીલ રહેશે અને સમયાતરે અદ્યતન કરવામાં આવશે.
5. કામદારો/ કર્મચારીઓ / દુકાન માલિકો કે જેના આવાસ/ ઘર કન્ટેનમેન્ટ/માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં આવેલા છે. તેઓને કન્ટેનમેન્ટ/ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન છોડવાની પરવાનગી આપવામાં આવશે નહી.
6. કન્ટેનમેન્ટ/ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન વિસ્તારોની બહાર આર્થીક પ્રવૃતીઓ માટે અમદાવાદ શહેરને ખોલવામાં આવશે.
7. સંપૂર્ણ રાજયમાં GSRTC બસ સેવાઓ કાર્યરત કરવામાં આવશે અને અમદાવાદ શહેર માટે ખાસ ડેપો ચિહ્નિત (earmark) કરવામાં આવશે.
8. સ્પોર્ટ કોમ્પલેક્ષ અને સ્ટેડીયમને ખોલવા માટેની પરવાનગી આપવામાં આવશે તેમ છતા, દર્શકો અને મોટી સંખ્યામાં ઉપસ્થિતિને છુટ આપવામાં આવશે નહી. ટી.વી પર પ્રસારિત કરવામાં કોઈ પ્રતિબંધ લાદવામાં આવશે નહી.
9. શહેરી સ્થાનિક સત્તામંડળ (ULB) દ્વારા નિર્ધારીત કરેલા વિસ્તારોમાં તા.૦૮/૦૬/૨૦૨૦ પછી ફેરીયાઓને પ્રવૃત્તિ માટે પરવાનગી આપવામાં આવશે. સ્થાનિક વહિવટી તંત્ર ફેરીયાઓ/ અઠવાડીક બજાર માટેના વિસ્તારો નિર્ધારીત કરશે. શહેરી સ્થાનિક સત્તામંડળ (ULB) ગતિવિધીઓ ફરીથી શરૂ કરતા પહેલા વિસ્તૃત સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીઝર ( SOP) તૈયાર કરશે અને આ દિશાનિર્દેશોના અમલીકરણની ખાત્રી કરશે.
10. નિર્ગમ યોજનાના પ્રર્વતમાન તબક્કામાં ઉલ્લેખિત પ્રતિબંધો સાથે નીચેની પ્રવૃત્તિઓને છુટ આપવામાં આવશે તેમ છતા, આ યાદીની નિયમીત રીતે સમીક્ષા કરવામાં આવશે.

| અ.નં | પ્રવૃત્તિઓ | કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તાર માટે |
|---|---|---|
| ૧ | બધી શૈક્ષણીક, તાલીમ, સંશોધન, અનુશિક્ષણ સંસ્થાઓ. | ના( તેમ છતાં, વહીવટી કચેરીઓને પરવાનગી આપવામાં આવશે). |
| ૨ | જિમ | ના |

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| ૩ | હોટલો અને ક્લબો | હા, તા.૦૮ જુનથી SOP પ્રમાણે. |
| ૪ | રેસ્ટોરન્ટો અને ભોજનાલયો | હા, તા.૦૮ જુનથી SOP પ્રમાણે સામાજિક અંતર સાથેની બેઠક વ્યવસ્થા પ્રમાણે. |
| ૫ | મોલ, મોલની અંદરની દુકાનો | હા; તા.૦૮ જુનથી સામાજિક અંતર સાથે. |
| ૬ | છુટક વ્યાપારની દુકાનો | હા |
| ૭ | સિંગલ સ્ક્રીન અને મલ્ટી સ્ક્રીન સીનેમાં હોલ અને મલ્ટીપ્લેક્ષો | ના |
| ૮ | ઉદ્યોગો | સામાજિક અંતર સાથે ૧૦૦%ની ક્ષમતા સાથે પરવાનગી |
| ૯ | બધા ધાર્મિક સ્થળો | હા. સામાજિક અંતર સાથે<br>તા.૦૮ જુનથી SOP પ્રમાણે. મોટી સંખ્યામાં જનમેદની/ કાર્યક્રમોને પરવાનગી નથી. |
| ૧૦ | અંતિમ સંસ્કાર માટે માત્ર ૨૦ વ્યક્તિઓ સાથે પરવાનગી<br>લગ્ન માટે માત્ર ૫૦ વ્યક્તિ સાથે પરવાનગી | હા |
| ૧૧ | કોઈ પણ સંજોગોમાં મોટી સંખ્યામાં લોકોનું એકઠ થવું | ના |
| ૧૨ | સાંસ્કૃતિક, થિયેટર કાર્યક્રમ | ના |
| ૧૩ | ફેરીયાઓ | હા (ULB દ્વારા નિર્ધારીત કરેલા વિસ્તારોમાં તા.૦૮ જુન પછી) |
| ૧૪ | ચા/ કોફી દુકાનો | હા |
| ૧૫ | પાનની દુકાનો | ફક્ત **Takeaway** માટે |
| ૧૬ | દારુની દુકાનો | માત્ર પરમીટ ધારકો માટે |
| ૧૭ | વાળંદ/ હેરકટ/ સલુન/ બ્યુટી પાર્લર | સામાજિક અંતર સાથે પરવાનગી |
| ૧૮ | પુસ્તકાલયો | ૬૦% ક્ષમતા સાથે કાર્યરત |
| ૧૯ | GSRTC બસ સેવાઓ | હા |
| ૨૦ | શહેરી બસ સેવાઓ | હા, કન્ટેન્ટમેન્ટ ઝોનની બહાર ૫૦% ક્ષમતા સાથે. |
| ૨૧ | ખાનગી બસ સેવાઓ | GSRTCની સમાન SOP મુજબ સંચાલન કરવાની પરવાનગી( ૫૦% બેઠક વ્યવસ્થા અને ઉભા રહેવા પર પ્રતિબંધ) |
| ૨૨ | ઓટો રીક્ષાઓ | હા.( એક ડ્રાઈવર+બે પેસેન્જર) |
| ૨૩ | કેબ, ટેક્ષીઓ, કેબ એગ્રીગેટર, ખાનગી વાહનો | હા.( એક ડ્રાઈવર+બે લોકો; જો બેઠક ક્ષમતા ૬ અથવા વધારે હોય તો એક ડ્રાઈવર+ ત્રણ લોકોને પરવાનગી આપવામાં આવશે. ) |
| ૨૪ | દ્વિચક્રીય વાહનો | હા( ૧ +૧) |

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| ૨૫ | ખાનગી ઓફિસો | સામાજિક અંતર સાથે પરવાનગી તેમ છતા, ઘરેથી કાર્ય કરવા પ્રોત્સાહન આપવું |
| ૨૬ | બેંકો | હા |
| ૨૭ | સરકારી કચેરીઓ | હા |
| ૨૮ | બધી મરામતની દુકાનો, ગેરેજો, વર્કશોપ અને સર્વીસ સ્ટેશનો | હા |
| ૨૯ | સ્નાનાગરો, જાહેર ઉદ્યાનો, પ્રાણીસંગ્રહાલય, વોટર પાર્ક અને એમ્યુઝમેન્ટ પાર્કો | ના |
| 30 | પુરાત્તત્વીય સ્થળો, ચોપાટીઓ અન્ય પ્રવાસી સ્થળો | ના |

11. રાજ્યની અંદર અને આંતર-રાજ્યમાં પ્રતિબંધો વિના માલ-સામાનોની પરિવહન ગતિવિધિઓને પરવાનગી આપવામાં આવશે.
12. અસુરક્ષિત વ્યક્તિઓનું રક્ષણ:
    ૬૫ વર્ષથી વધુ વયના વ્યક્તિઓ, બે કે તેથી વધુ રોગ ગ્રસ્ત વ્યક્તિઓ, ગર્ભવતી સ્ત્રીઓ અને દસ વર્ષથી નાની ઉંમરના બાળકોએ અત્યંત જરૂરી હોય કે સ્વાસ્થ્ય સંબધી સમસ્યા હોય તે સિવાય ઘરે જ રહેવું.
13. જાહેર સ્થળો, કાર્ય સ્થળો, પરિવહન સમયે ફેસ કવર પહેરવું ફરજીયાત છે. જેનું પાલન ન કરનારને નીચે મુજબ દંડને પાત્ર રહેશે:
    - દંડ: બધા જાહેર અને કામકાજના સ્થળો અને પરિવહન દરમ્યાન ફેસ કવર ન પહેરવા પર ૨૦૦ રૂપિયા દંડને પાત્ર રહેશે. તા.30/૦૫/૨૦૨૦ M.H.A ના હુકમમાં જણાવેલ એનેક્ષર-I (1) ની જોગવાઈ પ્રમાણે.
    - દંડ: જાહેરમાં થૂંકવા પર ૨૦૦ રૂપિયા દંડને પાત્ર રહેશે. તા.30/૦૫/૨૦૨૦ M.H.A ના હુકમમાં જણાવેલ એનેક્ષર-I (4) ની જોગવાઈ પ્રમાણે.
14. M.H.A માર્ગદર્શિકાના એનેક્ષર- I માં જણાવ્યા મુજબ COVID-19 માટેના રાષ્ટ્રીય નિર્દેશોનો ચુસ્ત પણે અમલ કરવો.
15. કેન્દ્રીય ગૃહ મંત્રાલય તથા ગુજરાત સરકારના વખતો-વખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓ આખરી રહેશે.અને તમામે ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે.

**-:વિસ્તાર:-**

**અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.**

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર

Scanned with CamScanner

## -:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે **ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮**, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ **૫૧ થી ૬૦** મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૧/૦૫/૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(આશીષ ભાટિયા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :-**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,
(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી. અ,વાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર

Scanned with CamScanner

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા )

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી.,અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.

(૨૭) **PRO, C.P. Ahmedabad website, twitter handle, Facebook page** વિગેરે **Social Media** ઉપર પ્રસિધ્ધ થવા બાબત

**પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર**

Scanned with CamScanner